ટ્રીય ગ્રંથમાળા-મણકો ૫મો

બાલ-વાડી

(ભાગ બીજો)

ધોરણ બીજા અને ત્રીજા માટે

રાષ્ટ્રીય ગ્રંથમાળા કાર્યાલય, સુરત

કારાગૃહવાસી

મહાત્મા ગાંધીજીના

ચરણકમળમાં ભક્તિભાવપૂર્વક

સમર્પણ

सा विद्या या विमुक्तये ।

રાષ્ટ્રીય શાળાઓના ઉપયોગ માટેના
આ 'બાલ-વાડી'ના બીજા ભાગના
સંગ્રહમાં મદદ કરનાર મિત્રો
અને કવિતાઓના રચના-
રાઓનો આભાર

પ્રકાશક

બાલ-વાડી

(ભાગ ૨જો)

ખંડ ૧ લો

૧

ઈશ્વરની સ્તુતિ

(પ્રભાત)

આપજો આપજો, સારૂ સઘળુ મને,
હે પ્રભુ, આજ આખા દિવસમાં,
બાલ ગણી વા'લ મારા ઉપર આણજે,
જેથી હું રહુ બધો દિવસ સુખમાં. ૧
આપજો આપજો બુદ્ધિ બહુ આપજો,
રાખજો મારૂં આ શરીર સારૂ,
આપજો આપજો સારી મતિ આપજો,
જેથી હું કામ ન કરૂં નઠારૂં. ૨

આપજો આપજો સદ્ગુણો આપજો,
આપજો વળી બહુ શુભ વિચારો,
આપજો આપજો આપની ભક્ત ને,
આપજો વળી મને સગ સારો ૩
આપજો આપજો મીઠી વાણી મને,
રાખજો મારૂં મન ખૂબ રાજી.
સૌનુ હુ કામ કરૂ એવું બળ આપજો,
સૌની સેવા કરૂ જેથી ગાજી ૪
સૌથી બહુ આપજો આપ પ્રભુની કૃપા,
જેથી મળશે મને જે હુ માગુ,
માગ્યુ નથી સારૂ જે તેહ પણ આપજો,
એટલુ બોલી હુ પાય લાગુ' ૫

શ્રીમદ્ ઉપેન્દ્ર

૨

કૌશલ્યા અને રામ.

(રાગ–ભેરવી)

ત્યારે માતા કૌશલ્યાજી બોલિયા, હો વા'લારે,
તુને નહીં જાવા દઉ વન, કુવરજી કાલારે
ઘણી કોમળ છે તારી દેહડી, હો વા'લારે,
મારા લાડકવાયા તન, કુવરજી કાલારે

તુને ગુપ્ત રાખુ મારી વાડીમા, હો વા'લારે
બીજુ અવર ન જાણે જેમ, કુવરજી કાલારે
મે તો તુજ વિનાર રેવાય નહિ, હે વા'લારે,
મુને મૂકીને જાશો કેમ, કુવરજી કાલારે
વનમા વનફુળ કેમ પહેરશો, હો વા'લારે,
તજી વસ્ત્ર આભુષણ સાર, કુવરજી કાલારે
એવા વચન શુણી બોલ્યા રામજી, હો માતારે,
તમે ધીરજ રાખો મન શુણો સુખ દાતારે
પાછો આવીશ થોડા દવસમા, હો માતારે,
આપો આજ્ઞા હુ જાઉ વન, શુણ્યા સુખ દાતારે
મારે આજ્ઞા પિતાની પાળવી, હો માતારે,
રહેવુ ચૌદ વરસ વન માહે, શુણો સુખદાતારે
અવધ વત્યા પછી નહિ રહુ, હો માતારે,
વહેલો આવીશ નિજ પુરમાહે, શુણ્યા સુખદાતારે

ગિ ધર

૩

સવારનુ વર્ણન

(રાગ-ભેરવ)

જાગ મુજ વા'લા બાળ, પખી વન બોલે —ટેક
વા'ણુ વાયુ વીતી રાત, પૂર્વ થયો ઝગઝગાટ,
રગ દીસે ભાત ભાત, ઝાડ પાન ડોલે-જાગ.

કુકરે કૂક કૂકડા કાકા કરે કાગડા,
મેના પોપટ કૂટડા, મોર મધુર બોલે-જાગ
ચંદ્ર તેજ ફીકુ પડયું તારા તેજ ઉડી ગયું,
ચોર મોઢું કાળુ થયું, ખુદ્દા ખાચા ખોળે.-જાગ.
ભકત જનો ધરે ધ્યાન ગવૈયાઓ કરે ગાન,
દાતા દીએ રૂડું દાન, મુલ્લા બાગ બોલે-જાગ.
સુરજ તણો ઉદય થયો રાતનો અંધકાર ગયો,
ભ્રમર ગૂં ગૂં કરી રહ્યા, કમળ પત્ર ખોલે-જાગ
તડકો જેમ વધતો જાય, માણસો ઉમંગી થાય,
આકાશે પંખેરૂ ધાય, ઢોર ચારો ખોળે-જાગ
ઝાડ વેલી ફળ ને ફૂલ, ધીમે ખીલે નહિ ભુલ,
ખાવા જાય તાજાં તૂ પક્ષી બહુ ટોળે-જાગ
ઉઠ વીરા મગન થઇ, પ્રભુ કેરૂં નામ લઇ,
વાંચ પાઠ ધ્યાન દઇ, એમ માત બોલે.-જાગ.

(બીજી ચોપડી)

૪

સાચના સિપાઇ

અમે સાચના સિપાઈ, અમે સાચના સિપાઈ,
સાચ અમારી તરવારો ને, સાચની બાંધી સવાઇ,
અમે સાચના સિપાઈ!

૫

સાચ અમારા લડવૈયા તે લડશે સાચ લડાઈ,
અમે સાચના સિપાઈ !
સુણો અમારા બ્યૂગલ વાગે, સાચની હાક છવાઈ;
જુઓ હમારો ધ્વજા ફરફરે, સાચની લહેરો વાઈ;
અમે સાચનુ લશ્કર સઘળે, આવો તમો ભાઈ;
અમે સાચના સિપાઈ

કવિ નાનાલાલ

૫

સૂરજને નમસ્કાર

નમીએ સૂરજ સુખ કરનાર !
અગ્નિ સમા પ્રભુના અવતાર !
પ્રાણી પદાર્થ વિષે વસનાર !
અજવાળાં આંખે ભરનાર !
ચાંદલીઓ તારલીઆ દીપ,
સૌ તમારાં જૂજવાં રૂપ.
રમીએ ને કરીએ કલ્લોલ,
તમ અમીનજરે રહી રસબોળ.
તન તોડી કરીએ પરમાર્થ,
એવાં બળ દેજો તપ માટ.

અમને ઉજાળજો રવિરાય,
કરી આરતી પડીએ પાય

લલિત

૬

તારો

તારા ચળક ચળક તુ થજે
મુજ મન કૌતુક કંઈ ઉપજે,
કોણ હશે તુ ઉજળે નૂર,
આ જગમા ઉચો અતિ દૂર
ને ચળકતા વ્યોમની વિષે,
હીરા સરીખો તુ કઇ દિસે
તુજ સરખા નભમાહી અસખ્ય,
ચળકે તારા ઉજ્જવલ અગ.
આખો દિન નભમા સંતાય,
સાજે નીકળે ઘરથી બહાય
એક પછી એક જ આવતા,
કૌતુક નજર નીચે નાખતા
કોઇ મધુર લોચન સ્થિર ધરી
કો હસતા ચમકારા કરી

૧

તારા નીરખી રહે મુજ ભણી,
થાકુ એ તો ગણી ગણી
અખંડ રાત્રિ રહી જાગતો,
તરતાં નભમા નવ થાકતો
તારા ચળક ચળક તું થશે,
પછી સિન્ધુમાં ડુબી જજે

નરસિંહરાવ

૭

વાદળની ગાડી

(સવૈયા)

પાણીના ટીપાં કંઈ નાના
રહેતા સાગર ઘેર,
એક લખત ફરવા હરવાને
ધાર્યુ મન શુભ પેર,
વાદળની ગાડી ત્યા કીધી,
પવને હાકી પૂર,
જંગલ ગામ ઉપર થઇ ચાલ્યા
ફરતા હસતા દૂર
પણ તેઓ તો હતા ઘણા
ઓ ! ગાડી ભાગી એમ,

ને ગભરાઈ બિચારાં નીચે
તૂટી પડ્યાં ત્યાં તેમ!
પછી લીલાં ને ઘાસ મહીં તો
ભટક્યાં તે બહુ પેર,
ને છેવટ નદી એક લઈ ગઈ
તે સહુને ફરી ઘેર

ખબરદાર

૮

ખેડુત

([illegible])

રે ખેડુત તું ખરે જગતનો તાત ગણાયો,
આ સઘળો સંસાર પાળતો તું જ જણાયો
કપાસ ફળ, ફૂલ, ઘઉં ધાન્યને તું નીપજાવે,
અન્ન ખાય સહુ જીવ ધરે જન વસ્ત્રો ભાવે.
સહે તાપ વરસાદ વળી બહુ મે'નત કરતો,
સ્નેહ શરીરે લઈ સદા સંતોષે ફરતો
ઉત્તમ ખેતી ખરે વળી તે પર ઉપકારી,
ખરો ખંતથી દીએ, જગતને શીખ તું સારી.
(બીજી ચોપડી)

૬

કુહાડી

(ભુજંગી છંદ)

પિતાની કુહાડી લઈ બાળ નાનો,
બન્યો ભાયડો રૈ ય ગ 'દુર શાણો,
કરે ઘાવ કાપે બધી ચીજ બાળે,
ગયો ખેલતા ગા ઝાપે તળાવે.—૧
હુલાવ્યું જગ માછલે નીર તાંહી,
નિહાળ્યુ કશી બાળકે પાણી માહી,
ડર્યો બાળ દીસે પડી તો કુહાડી,
રડયો તે ઘડી ત્યાં બહુ ચીસ પાડી—૨
સદા પાણીમા ઝુલતા ને સમાતા,
સુણી સાદ આવ્યા જળ દેવી માતા,
વદે દેવી લે આ રૂપાની કુહાડી,
કહે બાળ માતા નથી [illegible]વી મારી—૩
બીજી વાર સોનાની લાવી બતાવી,
નહિ એ કહે બાળ માથુ હલાવી,
મને તો ગમે મારી સારી કુહાડી,
ભલા માત દો પાણી માહેથી કાઢી—૪.

(દોહરો)

દેવીએ કાઢી દીધી, બોલી બાળક સાથ,
સુખ સંપત હોજો તને, મે'ર કરે જગનાથ.

(બીજી ચોપડી)

૧૦

માનુ બાળક

(સવૈયા)

તારૂ મા બાળક ના હોઉ,
પણ કુરકુરીઉ નાનુ,—
તારા ભાણામાથી મોઢુ,
ભરી જાઉ છાનુ માનુ—
સાચે સાચુ કહી દેજે,
કઇ રાખીશ ના સતાડી,
હૈડ કહીને હાકી મેલત
તો શુ અમને માડી ?

જા મા ત્યારે જા જાની તુ,
ઉતાર અમને ખોળેથી તુ,
જા, નહિ જમાએ હાથે તારે!
જા, નહિ જમાએ ભાણે તારે!

તારૂ મા બાળક ના હોઉ,
હોઉ પોપટ પખી,
ઉડી જાઉ ક્યાક કદાપિ
એવું મનમા ગખી—
પીટયુ પોપટડુ કહી અમને
પૂરત પાજરે માડી ?

ઉતાર અમને ખોળુથી તુ !
લાડ નહિ અમને કરતી તુ?
તારે ખોળે જા નહિ બેસુ !
વનવગડામા જઇને રહેશુ !

(રવિ ભાનુ ભાષાતર—જુગતરામ દવે)

૧૧

આળસુનો સરદાર

(મનહર)

બોરડીના ઝાડ નીચે, આળસુનો સરદાર,
લાબો થઈ સુતા હતો, કરને પ્રસારીને
એટલામા છાતી પરે બોરડીથી બોર પડયુ,
મુખમા મુકાય નહિ, જુએ ધારી ધારીને
ઉટે ચડી એક જણ, જતો હતો તેને કહ્યુ,
બોર મૂખે મૂક મારા, નીચે તુ પધારીને
પેલો બોલ્યો-ઝટ જવુ, ત્યારે સૂતાજને કહ્યુ,
"ઉટવાળા ! આળસુ તુ !" બોલ્યો બૂમ મારીને
ઉટવાળો બોલ્યો પછી, આળસુ હુ કે તુ અલ્યા!
હાથે બોર ઝાલી મુખે, મૂકતા શુ થાય છે ?

ઉટેથી ઉતરો નીચે, ઓર ખવરાવુ તને,
કામ મારૂ ચૂકુ, તારા હાથે શુ દુ,ખાય છે ?
આગે કરી રે ા નથી, મ ક્ષો તુ મારા થકી,
આળસુ કહેતા મને બે રતા લજાય છે?
શા કુ૦ કહે છે બોલનારા જેવા બેવકુફ,
છુપાવી પોતાના દોષ, શીખ દેવા જાય છે

મંજુકાન્ત

૧૨

થોડે થોડે જાણો

(દોહરા)

ભણતા પંડિત નીપજે, લખતા લહિઆ થાય,
ચાર ચાર ગાઉ ચાલતા, લાંબો પંથ કપાય—૧
પોપટ પણ અભ્યાસથી શીખે બોલતા બોલ,
કાયર થઈ આળસ કરે, તેનો કંઇ નહિ તોલ—૨
કુવા ઉપરના કઠણ જે પાકા કાળા પાણ,
દોરડીએ છેદાય છે, એ લેવુ એંધાણ—૩

દલપતરામ

૧૩

નદીનું વર્ણન

સુંદર સરિતા જુઓ, ભરેલી નિર્મળ નીરે,
ના'નાં મોટા તરૂ ઉગેલા તેને તીરે,
રંગીત ચિત્ર વચિત્ર માછલા ગમ્મત કરતાં,
લીલું લીલું ઘાસ, પશુ કિનારે ચરતાં,
સુંદર શોભા સૌ નજરની, નદીથી નિશ્ચય જાણીએ,
ના'વણ ધોવણ જળપાનનું મોટું સુખ પિછાણીએ

૧૪

મારો રેંટીઓ

(વ્હાલા વેગે આવોરે—એ રાગ)

ધીરો ધીરો ચાલેરે
મીઠો મીઠો ગાજેરે
રૂડો મારો રેંટીઓ હોજી
એ રેંટીઆમાં દેશોદયના નીકળે તાર,
એ તારે તારે બાણું ભારતનો ઉદ્ધાર,
ધીરો ધીરો ચાલેરે

સાખી—

આકે રૂડા પંખા રૂડા ઉજ્જ્વળ તેના નાથ;
ઉજ્જ્વળ પુણી આપતી, ઉજ્જ્વળ માના હાથ,
ઢેરો માના દેશને

(સૌ) ઉજ્જ્વળ ઉજ્જ્વળ સાથ,
દુખો સહુ હરતોરે,
અભય પણું ફરતોરે
ઉડે માગે પેટીઓ હોજી
ધોરો ન્યારો ચાલેરે
મીઠો મીઠો ગાજેરે
રૂડો મારો રેંગીયો હોજી

પરતેજવાળી

૧૫

(ધનાશ્રી)

સૌનુ કરો કલ્યાણ દયાળુ પ્રભુ!
સૌનુ કરો કલ્યાણ—ટેક૦
માણુસ પશુ પંખીની સાથે
જંતુ જીવ તમામ—દયાળુ પ્રભુ૦

જગના વાસીઓ સૌ સુખ ભોગવે,
આનંદ આઠે જામ—દયાળુ પ્રભુ૦
દુનીયામાં દર્દ દુકાળ પડે નહિ,
લડે નહિ કોઇ ગામ—દયાળુ પ્રભુ૦
સર્વ જગે સુખકારી વધે ને
વળી વધે ધન ધાન્ય—દયાળુ પ્રભુ૦
કોઇ કોઇનું બૂરૂં ન ઇચ્છે,
સૌનું ઇચ્છે સૌ સમાન—દયાળુ પ્રભુ૦
પોત પોતાના ધર્મ પ્રમાણે,
સર્વ ભજે ભગવાન—દયાળુ પ્રભુ૦

રામ લક્ષ્મણ જાનકી
જે બોલો હનુમાનકી



૧૬

ફુલ્લવાડા

ખાલી જગ્યા ખોળી , જાણી મૂકવા ઠામ,
ક્યાંએ જઞકર્તાં વિ ઠલુ ન મળે ઠામ

× × ×

કોયલ નવ દે કોઇ , હરે ન કોનુ કાગ,
મીઠા વચનથી સવ , જ કોયલ અનુરાગ

× × ×

ચ દન ને વળી રો । જાને વેઠી દુ,ખ,
વાસ મધુર રસ અ પીન, પરને દેતા સુખ.

× × ×

માખી કીડી ક ળીઆ, અલ્પ જીવ છે તોય,
રહે કદી નહીં આ સુ, યાચે કદી ન કોય

× × ×

શરીરે સુખી ા સુખી સવ વાતે,
શરીરે દુખી ત. દુખી છે સદા તે

× × ×

એડ ખાતરને પાણી, કમને લાવે તાણી
કરમ વિનાનો ખેતી રે, બળદ મરે કે સુકવણું પડે

× × ×

કોદરા કહે મારો ડ દાણો, મારે માથે છોડાં,
મારો ખપ ક્યારે પડે કે વરસ આવે ખાંડા

× × ×

ઉધાર અને ઉ ડ વધતાં વાર શી?

ઉખાણા

વાચા વિણુ બોલ્યા કરે, ચાલે છે વિણુ પગ,
કાંટા પણુ વાગે નહિ, જેને જાણે બધુ જગ ?

—ઘડીયાળ.

પશુ નહિ પણુ ચાર પગ, એક વાંસો બે શિશ,
બાળક તેના પેટમા, શી વસ્તુ તે કહીશ ?

—ઘોડીઉં.

નગરમા નાગી ફરે વનમા પહેરે ચીર
તમે લાવજો મા‌ના સગી નણુદના વીર ?

—સોપારી.

નારી પણુ નિર્બળ નહિ, કાળી પણુ નહિ કોલ,
વસે ઘરે સાપણુ નહિ, ઉત્તર એનો બોલ ?

—તલવાર

બાઈ રે બાઇ મે તો ઠેકતો દીઠો

—'મૃગ હશે'

મૃગલો તો હોય શીગો—

—'ઘોડો હશે'

ઘોડો તો હોય પૂછો—

—'દેડકો હશે'

દેડકો તો જળમા રહે
પણ આ તો પોતાના થળમાં રહે—

—ત્યારે તો 'ચાચડ'.

કહેવતો

ઝાઝા હાથ રળિયામણા
સંપ ત્યાં જંપ
ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન
સાપ ગયા ને લીસોટા રહ્યા
અનાડી નિશાળીઆને વતરણાં ઘણાં
દૂધનો દાઝયો છાશ ફુંકીને પીએ
શેરને માથે સવાશેર
ઉલટો ચોર કોટવાળને દંડે
અજાણ્યો ને આંધળો બરાબર
કાગડાની કોટે રતન,
જાનમાં કોઇ જાણે નહિ ને હું વરનો બાપ
છાસમાં માખણ જાય ને વહુ ફુવડ કહેવાય
મોરના ઇંડાને ચીતરવા પડે ?
ડુબતો માણસ તરણું ઝાલે
ખોદે ઉંદર ને ભોગવે ભોરીંગ.
ભાગ્યશાળીને ત્યાં ભૂત રળે

ખંડ ૨ જો

(ધોરણ ત્રીજા માટે)

૧

જાગને જાદવા !

(પ્રભાતીયુ)

જાગને જાદવા કૃષ્ણ ગોવાળીઆ,
તુજ વિના ધેનમા કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા,
વડો રે ગોવાળીઓ કોણ થાશે ?
દહીં તણા દેથરા ઘી તણા ઘેબરા,
કઢિયલ દૂધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથીઓ કાળનાગ નાથીઓ,
ભૂમિનો ભાર તે કોણ લેશે ?
જમુનાને તીરે, ગૌધણ ચરાવતા,
મધુરી શી મોરલી કોણ વાશે ?
ભણે નરસૈંયો તારા ગુણ ગાઇ રીઝીએ,
બુડતાં બાંહ્યડી કોણ સ્હાશે ?

નરસિંહ મહેતા

૨

ઇશ્વરની સ્તુતિ

(ભુજંગી)

અહો નાથ ! ઉભા અમે હાથ જોડી,
  કરો રંક સામે કૃપાં દૃષ્ટિ થોડી;
સદા તાપ ને પાપથી તો ઉગારો,
  અમે માગીએ ઇશ એ પ્રેમ તારો.
ઉગ્યો સૂર્ય તો પૂર્વમાં પૂર તેજે,
  ગઇ રાત વીતી જુઓ વાત સે'જે.
પ્રભો ! તું વિના કોણ સંભાળનારો ?
  અમે માગીએ ઇશ એ પ્રેમ તારો.
પશુ પક્ષી ને પ્રાણીઓ કામ લાગ્યાં,
  પડી એમ ઉદ્યોગમાં સુખ માગ્યાં,
અમારી પ્રભો ! બુદ્ધિ વિદ્યા વધારો,
  અમે માગીએ ઇશ એ પ્રેમ તારો,
કુડાં દુઃખ કાપી રૂડાં સુખ આપો,
  અમારા શિરે નાથજી હાથ થાપો,
સુખે જાય આ આજનો દિન સારો,
  અમે માગીએ ઇશ એ પ્રેમ તારો

ખબરદાર

૩

યાચના

(ગઝલ)

અમારા બાહુમા બળ દે અહોનિશ દેશહિત કરવા;
અમૂલું બુદ્ધિનું બળ દે, અનેરાં દેશહિત કરવા.
અમોને ધૈર્ય ને શાંતિ, સદા દે દુઃખ સહવાને;
દયા દે ઉંડી હૃદયે તું દીનોનાં દુઃખ દહવાને
સતત ઉદ્યોગ દે અમને, જીવનની ઉન્નતિ કરવા;
હજારો હુન્નરો દેજે, ગરીબી દુ:ખ દૂર કરવા.
મુસલમાનો અને હિંદુ બધામાં સંપ તું દેજે;
ઉંડો ઉત્સાહ ને આશા, વળી આસ્થા ભરી દેજે.
તજાવી દેહની પરવા સદા, દે દેશની પરવા;
ગરીબી યા અમીરીમાં સદા જનસેવ તુ દેજે.
વળી વિચાર વાણી ને, સદા દે ઐક્ય આચારે;
સદા દે ઇષ્ટની સિદ્ધિ, સદા ઉત્સાહ વિચારે.
દયાળુ ઇશને યાચું, અમોને સદ્‌ગુણો દેજે;
સદા જનસેવ એ પ્યારૂં, અમારૂં સૂત્ર તું કરજે.

મણિલાલ મોતીલાલ

૪

ગુણવંતી ગુજરાત

(ગરબી)

ગુણવતી ગુજરાત ! અમારી ગુણવંતી ગુજરાત !
નમીએ નમીએ માત ! અમારી ગુણવતી ગુજરાત
મોંઘેરા તુજ મણિમંડપમાં ઝુકી રહ્યાં અમ શિષ,
માત મીઠી તુજ ચરણ પડીને માગીએ શુભ આશિષ !

અમારી ગુણવતી ગુજરાત !

સંત મહંત અનંત વીરોની વા'લી અમારી માત !
જય જય કરવા તારી જગતમાં અર્પણ કરીએ જાત;

અમારી ગુણવતી ગુજરાત !

હિંદુ, મુસલમીન, પારસી સર્વે માત ! અમે તુજ બાળ,
અંગ ઉમંગ ભરી નવ રંગે કરીએ સેવા સહુ કાળ

અમારી ગુણવંતી ગુજરાત !

ખબરદાર



૫

વંદન તેને વારંવાર

પ્રભુ પિતાથી જે ડરનાર, સત્ય ધર્મને આચરનાર;
દેશ કાજ જીવન જીવનાર, વંદન તેને વારંવાર. ૧
સ્વતંત્રતા જીવન જનાર, ટેકીલો શૂરો સરદાર;
કર્તવ્યે મસ્તક મૂકનાર, વંદન તેને વારંવાર ૨
ભૂખ્યાને ભોજન દેનાર, તરસ્યાને પાણી પાનાર;
થાકયાના શ્રમને હરનાર, વંદન તેને વારંવાર ૩
બળીયાથી જે નહિ ડરનાર, દુર્બળની સેવા કરનાર,
દુખિયાના આંસુ લો'નાર, વંદન તેને વારંવાર ૪
ધાવણ અમૃતના દેનાર, પ્યાર કરતી અપરંપાર
માતા જન્મ તણી દાતાર, વંદન તેને વારંવાર. ૫
પિતાજી પાલનના કરનાર ઠેકાણે પાડી ઠરનાર;
સન્મારગમાં દોરવનાર, વંદન તેને વારંવાર ૬
જ્ઞાન દાન ઉજળા દેનાર, અંધારાં અળગાં કરનાર;
ગુરૂદેવ જગતારણહાર, વંદન તેને વારંવાર ૭
પ્રાણદાનનો જે દાતાર, જગ આખાનો પાલનહાર;
સમર્થ શ્રી પરવરદિગાર, વંદન તેને વારંવાર ૮

ભૂમિપુત્ર

૧૧

ગ્રીષ્મ ઋતુનો મેળો

(રોળાવૃત)

ઇશ્વરનો મહિમાય, ગ્રીષ્મમાં લીધો નીરખી;
શીતળ ઝાડની છાય, ફળફૂલ ઝુલે હરખી—૧
આ આંબો શોભાય, કોકલા ટહુકા કરતી,
ધરતી તપતી જાય મોગરે સુગંધ ભરતી—૨

આંબો :—

(તોટક)

વનમાં તરૂમા હસતી રમતી,
હઇ મોર વસંત ગઇ ભમતી.
પછી ગ્રીષ્મ થતા બહુ કેરી ફળી,
લલચાય જનો લહી લીલી ભલી.
અતિ તાપ પડે થઇ શાખ ખરે,
રસદાર સુકેશરો રંગ ધરે,
જગનુ ચિત્ત તે રસથી હરતી,
ખુબી કેરી તણી દીલમા ઠરતી ૨

કોયલ :—

(દોધક વૃત્ત)

ગ્રીષ્મ જુઓ ઉકળાટ ધરે છે,
પંખી વને વન ઉડી ફરે છે;

આમ્રતરુપર વાસ કરું છુ,
હું ટહુકે જન ચિત્ત હરું છુ,
શ્યામ શરીર વડે પરખાઉં,
કોમળ કંઠ વડે વખણાઉં
સંગીતના સૂર હું સમજાવું,
વાડી મનોહર ખુબ મજાવુ

(નારાચ ૭૬)

મોગરો —

જુઓ રૂપેરી બાગ આ દીપે મધુર મોગરે,
કળી ફૂલેલ દેલમાં સુગંધ અંગમાં ભરે.
અનેક પાંખડી પ્રસારી ઝારીરૂપ હું બન્યો,
પ્રફુલ્લ બાળ ગ્રીષ્મનો સહુ જને મને ગણ્યો.

(ઇંદ્રવજ્રા)

આંબો—કેરી ભરેલી રસથીજ સારી,
કોયલ—કોકિલ કંઠે વખણાય ભારી;
મોગરો—મીઠી સુગંધી બટ મોગરાની,
સર્વે—રૂડી રસીલી ઋતુ ગ્રીષ્મ જાણી.

(વાચનમાળા)

૧૨

સત્ય

(તોટક છંદ)

સતનુ ચિત ચિંતન રે કરવું,
સત વાચક નિશ્ચય ઉચરવું,
નહિ કામ અસત્ય કદી કરવુ,
જશથી ઝળકિત જગે ફરવુ. ૧

સત બીજથી વૃક્ષ વિશાળ થશે,
ગુણકારી મીઠાં ફળ ઉતરશે,
જન આશ્રય છાંય તળે કરશે,
પરિતાપ જતાં સુખ સૌ મળશે. ૨

સતમા જગનાં સહુ કાજ વસે,
અસતે જન આફતમાં પડશે,
સત સૂરજ તેજ ઘણું પ્રગટે,
છળ દુષ્ટ મતિ ભય પામી હઠે ૩

કંઈ જોરથી સત્ય છુપાઈ જશે,
પણ છેવટ સત્ય ઉજાસ થશે;
કદી સૂરજ વાદળથી છુપશે,
છુટી નિશ્ચય તે ફરીથી દીપશે. ૪

સતને નથી આંચ, ન નાશ કદી,
જગ જીતવુ સત્ય સહાય વદી.
સત નિશ્ચય ક્લેશ અનેક હરે,
બળ સત્ય સમુ નથી અન્ય ખરે 5
સતમા સુખ સાચુ સહાય વસે,
સતથી અતિ વિશ્વપતિ રીઝશે
નથી સત્ય વિના કંઈ ધર્મ બીજો,
જીતી સત્યથી સ્વર્ગ સહાય રીઝો 6

મધુરચરામ

૧૩

મૂછ કે પૂછ?

ધરી મૂચ પર હાથ ક્યાય શુભ દાન ન દીધું,
ધરી મૂછ પર હાથ ક્યાંય પર કામ ન કીધુ,
ધરી મૂછ પર હાથ ક્યાંય પર પીડ ન જાણી,
ધરી મૂછ પર હાથ દીન પર દયા ન જાણી,
તો છે ન મૂછ તે પૂછ છે જીવન ઉરમા આણીએ,
નહિ વચન, લાજ, નહિ સ્નેહ, સત, તે મુખ મૂછ ન જાણીએ.

૬

નાગદમન

જળ કમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે,
જાગશે તને મારશે, મને બાળ હત્યા લાગશે—ટેક.

કહેને બાળક તું મારગ ભુલ્યો, કે તારા વેરીએ વળાવિયો,
નિશ્ચે તારો કાળજ ખુટયો, અહિંયા તે શીદ આવિયો-૧

નથી નાગણ હું મારગ ભુલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરા નગરીમાં જુગટુ રમતા, નાગનું શીશ હું હારિયો-૨

રંગે રૂડો રૂપે પૂરો, દીસતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તું અળખામણો-૩

મારી માતાએ બેઉ જનમિયા, તેમાં હું નટવર નાનડો,
જગાડ તારા નાગને, મારૂ નામ કૃષ્ણ કહાનડો-૪

લાખ સવાનો મારો હાર આપું, આપુ રે તુજને દોરીઓ;
એટલું મારા નાગથી છાનુ, આપુ તુજને ચોરીઓ-૫

શું કરૂં નાગણ હાર તારો, શું કરૂં તારો દોરીઓ;
શાને કારણ નાગણ તારે, કરવી ઘરમાં ચોરીઓ-૬

ચરણ ચાંપી મૂછ મરડી, નાગણે નાગ જગાડિયો;
ઉઠોને બળવંત કોઇ, બારણે બાળક આવીઓ-૭

બેઉ બળિયા સાથે વળગિયા, કૃષ્ણે કાળીનાગ નાથીઓ;
સહસ્ર ફેણ ફૂફવે જેમ, ગગન ગાજે હાથીઓ-૮
નાગણુ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમા લઈ જશે, પછી નાગનું શિષ કાપશે-૯
બેઉ કર જોડી વિનવે, સ્વામી ! મૂકો અમારા કથને;
અમે અપરાધી કંઇ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવ તને-૧૦
થાળ ભરી સઉ મોતીએ, શ્રી કૃષ્ણને રે વધાવીઓ,
નરસૈયાના નાથ પાસેથી; નાગણે નાગ છોડાવીઓ-૧૧

નરસિંહ મહેતો

૭

લડાઇની તૈયારી

આવો બાળક બખ્તર સજુ, લડાઇમાં લડતા શીખવુ,
ધરો પ્રમાણિકતાની ઢાલ, છાતીની તે લે સંભાળ.
મુગટ સ્વમાન તણો શિર ધરો, તે પર સત્યની કલગી કરો;
ક્ષમા, વીરતા, પ્રેમ, વિવેક, એ હથિયાર ગ્રહો ધરી ટેક.
આ બખ્તર ને શસ્ત્રો વડે, લડતા સાચે જય સાંપડે;
આ રીત સજજ થતાં ભય નહિ, સહાય પ્રભુની મળશે સહી

નૂતનથી

૮

પરઘમચી

પરઘમચી પરઘમચી ! પરઘમ તારી કકડાવ !
તલપે હૈડું અમ થરરરર, અરિદળને થરકાવ !
પરઘમચી૦

ઘરરરર ઘમ, ઘરરરર ઘમ, ઘોર ગજવી ગજાવ !
સૈયા કદમો તુજ હૃદમા ફરી ફાળે ઉઠાવ !
પરઘમચી૦

બંસીવાળા રઢિયાળા સૂર શૂરા લલકાર,
જશ સળકે ! જય ઝળકે ! હૈયું હરખે નરહાર
પરઘમચી૦*

હરિલાલ ધ્રુવ

૯

સાચો સ્નેહ

મૃગ મૃગલી બે સ્નેહીનો, તરસ થકી જીવ જાય,
ત્યા થોડુ પાણી મળ્યુ જે પૂરૂ એકને થાય.
બેઉ પરસ્પર ચ્હાય કે બચે સ્નેહીના પ્રાણ,
એમ ચહી જળ ના પીએ, કરે જીવ કુરબાન.
સ્નેહ હોય ત્યા સ્વાર્થ નહિ, નહિ જીવની દરકાર,
સ્નેહી કાજ સ્વાર્પણ બને, તોજ સ્નેહ ટકનાર.

નૂતનશ્રી

૧૦

પશુઓનું પચ

(રાગ ભૈરવી)

પશુમાં પડી એક તકરાર,
વાદવિવાદ ચલાવવા પેતો તુર્ત ભરી દરબાર;
અને ત્યાં બેઠાં નર ને નાર —ટેક.

ગાય—કોણ ગુણોની ગણના કરશે ગરીબડી હુ ગાય,
વાછરડા વલવલે બિચારા ને પચ બીજા ખાય;
જુલમનો તો પણ કયા છે પાર ?—પશુમાં—૧

કુતરો—વફાદાર હુ પ્રાણી પ્યારૂ, ખાઇ ધણીનુ ધાન,
હલાલ તેનુ નીમક કરૂ છુ મનમાં રાખી માન;
રાત દિન સેવા છુ કરનાર—પશુમાં—૨

ગધેડા—મૂર્ખ માનવી મને હસે પણ કોણ ઉપાડે ભાર,
મણબંધી બોજો લાધે ને ચાલુ બીન તકરાર;
કહો જન જાણે કયાં ઉપકાર—પશુમાં—૩

ઘોડો—તન તોડીને સેવા આપુ ખાઉં કદી નહિ હાર,
માલીકને લઇ રસ્તો કાપુ કરી પીઠ પર સ્વાર;
કરે છે કોણ કહો દરકાર ?—પશુમાં—૪

ઉંટ—મુસાફરીમાં માર્ગ કાપવા કરૂં સફર હુ દૂર,
મુજ જળ કાજે જીવ લીએ છે કોઈ મુસાફર ક્રૂર;
કરૂ છું મરતાં પરોપકાર—પશુમાં—૫

હાથી—રાજાની અંબાડી કેરો મુજ પર છે આધાર,
મુજ પગલાંથી શોભે સ્વારી દીપે વળી દરબાર;
શ્રેષ્ટ છું પશુમાં હુ સરદાર—પશુમાં—૬

બકરો—ન્યાય મળે નિર્દોષીને ક્યાં તલ નહિ આપુ ત્રાસ,
તોય તપે છે ખાવા કાજે માણુસ મારૂ માંસ,
બનુ છુ કસાઈ કરથી ઠાર—પશુમાં—૭

બળદ—મુજ બળથી હળ ખેડુત ખેડે મુજ પર કુલ આધાર
હુ જ ઉપાડુ બોજ રોજનો વાહન કે વ્યાપાર;
ઘડીનો હોય ન તોય કરાર—પશુમાં—૮

(દોહરા)

ખર, બકરો, ને બળદીઓ, ગજ, ઘોડો ને ગાય,
પ્રાણી બિચારાં પારકી આશા પર અથડાય,
ખોટાં કામે ખલકમા, દંડે જો દરબાર,
ચશુ પંખીને પીડતાં, કોપે નહિ કીરતાર ?

દાદી એદલજી

૧૪

ઋતુઓનું વર્ણન

(ચોપાઇ)

શિયાળે શીતળ વા વાય, પાન ખ [illegible] પેદા થાય;
પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ધ [illegible] ાવે તંબોળ
ઘરે શરીરે ડગલી શાલ, ફાટે ગ [illegible] પગ ગાલ,
ઘટે દિવસ ઘણી મોટી રાત, તનમાં [illegible] ભલી ભાત
ઉનાળે ઉંડા જળ જાય, નદી [illegible] ળ સૂકાય,
પામે વનસ્પતિ સૌ પાન, કેર [illegible] ગુણવાન
ચંદન પંખા પ્યારા રોજ લાગે [illegible] વારા હોજ,
બોલે કોયલ મીઠા બોલ, તાપ [illegible] ના વણતોલ
ચોમાસું તો આવ્યું આપ, દી [illegible] ના [illegible];
લોક ઉચારે રાગ મલાર, [illegible] ખેતીકાર.
ચંપા ચંબેલી જૂઈ જાય, [illegible] ના ફૂલાય,
છત્રો ચોમાસે સુખમાટ, [illegible] ાળા ખાટ

[illegible]વિ દલપતરામ

૧૫

ઉદ્યમ

(મનહર)

ઉદ્યમથી એકલો હજારને હઠાવી દીએ,
ઉદ્યમથી ધન ધન્ય ધાર્યું મેળવાય છે,
ઉદ્યમથી રાજઅધિકાર કાંઈ દૂર નથી,
ઉદ્યમથી વશ દેવ દાનવ કરાય છે,
ઉદ્યમથી વિપત્તિઓ તરત વેરાઇ જાય,
ઉદ્યમીઓ ધૂળમાથી સોનુ શોધી જાય છે
ઉદ્યમને અરે બાળ જાણુ તું તો કામધેનુ,
ચિંતવ્યા પ્રમાણે લાભ અપાર પમાય છે,

૧૬

પોલુ છે તો વાગે છે!

(મનહર)

એક સૂમ શેઠ કને આવ્યો કોઈ કળાધારો,
શરણાઈ વગાડીને શીખ કઇ માગે છે
ડાકલી ધ્રુણાવી શેઠ ખાલી થતી જોઈ વેઠ,
પેલે જાણ્યુ તાન ઠેઠ કાળજામા લાગે છે!

ગાયન પૂરૂ કરીને વાહવાહ બોલ્યો વળી,
આપ જેવા શેઠીઆથી દુ ખ મારૂ ભાગે છે;
દોટ કાઢી હાસ પેરે શેઠ તો સાબેલુ લાવ્યા,
આને તો વગાડ જોઉ, પાલુ છ તો વાગે છે!

દલપતરામ

૧૭

ઊટના અઢારે વાંક!

(નહર)

ઊટ કહે આ સભામા વાકા અગવાળા ભૂડા,
ભૂતળમા પશુઓ ને પક્ષીઓ અપાર છે!
બગલાની ડોક વાકી, પોપટની ચાચ વાકી,
કૂતરાની પૂછડીનો વાકો વિસ્તાર છે!
હાથી તણી સુંઢ વાકી વાઘના છે નખ વાકા,
ભેસને તો શિર વા ' શિગડાનો ભાર છે!
સાભળી શિયાળ બોલ્યો, દાખે દલપતરામ,
અન્યનું તો એક વાકુ, આપના અઢાર છે!

૧૮

'એજ મા છે મુજ તણી'

(હરિગીત)

"બા ! કેમ કરીને ભીંત માથે ત્યાં ચડી બેસી ગઈ?
ને કેમ ક્યારે કાચમાં બા ! કારમી પેસી ગઈ?

કહી દે મને તું ! જવાબ વણ કયમ એક ટશ જોયા કરે?
પૂછયા કરું છું ક્યારનો પણ કેમ કાન નહીં ધરે?

મુજ બાપુએ શાળે મને તું આવવાનું કહ્યું હતું,
ડાહ્યો થયો છું ત્યારથી તોફાન સર્વ તજ્યું હતું

હું શાળ [illegible] તેથી કાં મા ! તું અબોલા ઉભી તહાં?
તેડી [illegible] લે મા ! હવે વા'લો મને કર ને હવા

ચાલી ગઈ હતી ગામ છાની મને તું છેતરી,
ઉઠું તહાં તું નહોતી-[illegible] તો મુ ન ખરી

આ ઠીક બાપુએ કહ્યું પૂરી [illegible] પાંજરે,
મૂકી મને શી [illegible] તું ચાલી હવે જારો અરે!"

"બાપુ ! નથી બા બોલતી-બાળી રડે છે તાતને,
"ઉભા ઉભી ટગટગ જુએ છે, પણ જવાબ ન દે મને.

બોલાવું પણ બોલે નહીં, ખીજ્યા હશો તમ એહને,
નહિ તો કદિ તેડી ચુમી લીધા વિના ન રહે મને."

"બેટા ! નથી ખીજ્યો કદિ હું, કર્મ કે ખીજ્યુ હિસે!
ચાલી ગઇ એ તો ગઈ, આ તો ઉભેલ બીજુજ છે"
"ના, એજ મારી બા ખરે! ને એજ મોઢુ ગોળવું,
છે આંખ, નાક, શરીર, સાળુ-એજ કેમ ન ઓળખુ?
કહેતી હતી હા, બ્હેન પણ કે-બા ઉભી છે આપણી,
પૂછી જુઓ સૌએ કહે છે-એજ મા છે મુજ તણી"
"આ બા નથી તારી, પરંતુ આ છબી છે તેહની,
જોને જરાયે બોલ ચાલ દિસે નહી એ દેહની!"
"મુજ બા ગઇ તે દી તમારી આંખ થઇ રાતી હતી,
ને આવતા ખીજયા હશો, માટે મુગી તે તો ઉભી.
પૂરી તમે વળી પાંજરે, લટકાવીને ટાગી વળી,
તે કેમ હાલે કેમ ચાલે? કેદમાં જકડી પડી!
છબી હોય તો સાળુ અને કુમખો પહેરે કયા થકી?
તે કેમ કરી સામુ જુએ? છબી ન્હોય, પણ છે બા નકી"

રસિક

૧૯

'પાણી પહેલી ચણીએ પાળ'

(ચોપાઇ)

કરીએ દિવસે એવું કામ, રાતે રહીએ કરો વિરામ;
ચાલે નહિ અંતરમાં સાલ, પાણી પહેલી ચણીએ પાળ.

જોબનમા રાખીને જોર, કરીએ ઉદ્યમનો અંકોર;
હોય ન વૃદ્ધપણે બેહાલ, પાણી પહેલી ચણીએ પાળ
જીવ શરીરનો છતા સંજોગ, એવો કરી લઇએ ઉદ્યોગ,
સ્વર્ગ વિષે સુખ મળે વિશાળ, પાણી પહેલી ચણીએ પાળ
ઉનાળે શિયાળે એમ, તેવો ઉદ્યમ કરીએ તેમ,
વસીએ સુખમાં વર્ષાકાળ, પાણી પહેલી ચણીએ પાળ
લાગે જ્યારે ઘરમા લા'ય, ખોદે કૂવો નહિ ખોદાય,
સદા પ્રથમ કરોએ સંભાળ, પાણી પહેલી ચણીએ પાળ
ચોમાસે પાસે ને દૂર, પ્રવાહ પાણી ચાલે પૂર,
તે ટાણે ખોદાય ન ખાળ, પાણી પહેલી ચણીએ પાળ
શિયાળે રજનીને અંત, ટાઢ પડે તે તો અત્યંત
તેજ વખત ન વણાયે શાલ, પાણી પહેલી ચણીએ પાળ
ઉનાળે વનમાં આથડે, પછી પૂરો તડકો ત્યા પડે,
ત્યા ન મળે છત્રીનો તાલ, પાણી પહેલી ચણીએ પાળ
અવસર ચુકયો આવે નહિ, વેળાના ફળ મળવાં કહીં,
ફેર રતે ફાલે નહિ ફાલ, પાણી પહેલી ચણીએ પાળ

દલપતરામ

૨૦

સોબતની અસર

(મનહર)

ગંગામાં ગયું જે જળ, જણાયું તે ગંગાજળ,
ગટરમાં ગયું જળ, ગંદું તે ગણાયું છે
ખારે દરિયે ગયું તે, ખરેખરૂં ખારૂં થયું,
છાશમાં પડયું તે છાશરૂપ થઈ છણાયું છે
શેલડીએ શોષ્યું થયું શેલડીના રસરૂપે,
ચૂનામાં ભળ્યું તે ચૂનારૂપ થૈ ચણાયું છે.
એકજ આકાશની પેદાશ દલપત કહે,
જેવો જેવો જોગ થયો તેવું તે જણાયું છે

દલપતરામ

૨૧

(કન્યાશાળા માટે) ગાયમાતા

(ગરબા-ચોચોકા)

લાગે મને ગાય તું ઘણી વા'લી
ઓ ગૌરી ઝીણી ને ગુણવાળી ! લાગે.
તારૂં રૂપ મને રૂડું લાગે,
મુખ જોતાં ભૂખ બધી ભાગે. લાગે.

ધોળુ અંગ ને શિંગડીઓ કાળી;
આંખ રાકડી, કાળી હેતાળી લાગે
તારે કંઠે, ઘંટડી ઘણુઘણુતી,
ચારે ચરણે, ઝાંઝરો ઝણુઝણુતી લાગે.
ગોવાળેથી, પાછી તુ વળતી,
ત્યા ભા, ભાં, ભા, ભાવે ભણુતી લાગે
આપે જીવલો વાછરડુ થન થનતા,
પેસે પોળમા પ્રેમે તે તુ સુણુતા લાગે
હીંડે કુખે ઉછળતો તુ ઘેલી,
તોએ કાને, મૂકે ન તુ ઠેલી લાગે
વાટે બેઠા બાળ બચાવી લે,
એવી ડાહી દયાળુ તુ દીસે લાગે
મારનાર ઉપર પણુ તુ ભારે,
નથી કરતીજ રોશ અતિશય કયારે. લાગે
તે તો ધમનો મર્મજ પરમ લહો,
ગૂઢ ગરીબપણુનો ગુણુ અહો લાગે,
તુ તો રોજ, પરોપકારે રાજી,
તારો જશ જગમાં છે રહ્યો ગાજી. લાગે.
તુ પોળી ને ધોળું, દુધ તારૂં
ગુણુકારી, સ્વાદભર્યું સારૂં. લાગે.

દહીં, દુધ, ઘી, માખણને છાશ,
જેમા સર્વ સ્વાદ તણો વાસ. લાગે.
એ પાયે અમૃત પૃથ્વી પર જે,
તે અમ અર્થે તુ તો સરજે લાગે
બર્ફી, ને પેડા ને માવો,
બાસુદી શીખડનો બડો લ્હાવો લાગે.
તે તો તારી પ્રસાદી, ઓ સુખદાતા
ગાય માતા તું સાચીજ માતા. લાગે
તારા પ્રેમનો પાડ હું કેમ વાળુ ?
આવ આવ હું હેતે પપાળુ. લાગે.
તારી શિંગડી સુંદર સિંદુરે,
રંગ સોને શણગારૂ હું રે. લાગે
કરૂ ચાંદલો ને ચોખા ચેડુ,
ફુલ હાર પહેરાવી નિરખુ મોઢુ લાગે.
ધન ધન ધેનુ ! રૂપ ગુણધામ,
ગુણ ગાયના ગાય નવલરામ. લાગે.

સ્વ નવલરામ

૨૨

કોરી કેળવણી

(ગરબી)

શુ કરશે સારૂ બેન, કોરો કેળવણી,
સદ્‌ગુણની નહિ જો હોય, સ થે મેળવણી ટેક

મા બા ભૂ પા શીખ્યા સારૂ, લખવામા હુશિયાર રે,
ઇતિહાસોમા ચૂક ન એકે, ચિત્ર વિચિત્ર અપાર–કોરો

ગીતો સુદર ગાતા શીખ્યા, ભુગોળ શીખ્યા ભાવે રે,
સારી વાચક જોડણી કરતા, ખોટ ન એકે આવે–કોરો

મોતીના દાણા સરખા પણ, શીખ્યા અક્ષર સારા રે,
ભૂત ભરમની વાતો ભુલ્યા, જાણ્યા જુગતા ધારા–કોરી.

પાંખાં પટકુળ પે'રો અગે, ઘણા ઘરેણા વાલી રે,
દેશ દેશની વાતો કરતા, શીખ્યા પાડી તાળી–કોરો.

સભાપતિની સન્મુખ ઉભો, શીખ્યા ભાષણુ ભણુતારે,
શીખ્યા સારા સરવાળા કે, ગુણાકારને ગણુતાં–કોરી

ખાટ પલંગ ખુરશીએ બેઠા, મોજમજા બહુ માણી રે,
દીન જનોને દુ:ખીઆં દેખી, દયા ન દીલમા આણી–કોરી.

સારૂ સારૂં ખાતાં હેતાં શીખ્યાં સૌથી સારૂં રે,
સુજનપણૂં જવાનુ જાણે, વાગે આજ નગારૂં–કોરી.

વિવેકીઓ ને વૃદ્ધજનોને, મોટાઓ પણ માને રે;
તેને અતિ તપાવા શીખ્યા, ઉદ્ધતાઇ અપમાને-કોરી.
મળે વિનય વિદ્યાર્થી એવા, વચન વિવેકી કે'છે રે,
તે વચનોને ભણે ગણે છે, તેમ છતા લજવે છે-કોરી
ભણી ગણીને જે કરવાનુ, તે તો રે'છે અળગુ રે,
નહિ શીખ્યાનુ તે શીખે છે, એવુ સંકટ વળગ્યુ-કોરી.
સાર ભણીને જે લેવાનો, તે તો રે'છે દૂર રે;
દેશસુધારક નરનુ તેથી, જાયે ઉતની શૂર-કોરી.
બાલ યુવા વૃદ્ધાવસ્થાને સફળ કરે જો બેનો રે,
તો આ વિશ્વ વિષે લીધેલો, સફળ જન્મ છે તેનો-કોરી
કેશવ પ્રભુને કર જોડીને, મોઘી કહાણી કહુ છુ રે,
સમજી લેજો સાર સર્વનો, આશિષ એવી દઉ છું-કોરી

કેશવકૃતિ

૨૩

રાધાકૃષ્ણ વિના બીજું બોલ માં

૫૬

બોલ માં બોલ માં બોલમા રે!
રાધાકૃષ્ણ વિના બીજુ બોલ મા
સાકર શેરડીનો સ્વાદ તજીને,
કડવો લીમડો ઘોળ માં રે! રાધા.

ચાંદા સુરજનું તેજ તજીને,
આગીઆ નધાતે પ્રીત જોડમા રે ! રાધા
હીરા રે માણેક ઝવેર તજીને,
કથીર સધાને મણિ તોલ મા રે રાધા
મીરા કહે પ્રભુ ગિરિધર નાગર,
શરીર આપ્યું સમતોલમા રે ! રાધા

મીરાબાઇ

૨૪

મહેનાનોને

(ગરબી)

મહેમાનો ! ઓ વ્હાલા ! પુન પધારજો !
તમ ચરણે અમ સદન સદૈવ સુહાયજો !
મહેમાનો ! ઓ વ્હાલા ! પુન' પધારજો !
ઉન્નત ગિરિશૃંગોના વસનારાં તમે,
ઉતર્યાં રંક ઘરે શો પુણ્ય પ્રભાવ જો !
શુશ્રૂષા સાચી ના અમને આવડી !
લેશ ન લીધો લલિત ઉરાનો લ્હાવજો !
મહેમાનો ! ઓ વ્હાલાં ! પુન પધારજો !

શાન્તા

૨૫

ફુલવાડી

પીપળ પાન ખરતા હસતા કુંપળીયાં
મુજ વીતો તુજ વીતશે ધીરી બાપુડીયા

હલકા જન હલકા રહે, લીયે નકમા લાજ,
ઉતરાવે છે પ ઘડા, માકડ મા સમાજ

ઉત્તમ ખેતી, મધ્ય વેપાર,
કનિષ્ટ ચાકરી, નકર ભિખ

શરીર સુખી તે સુખ ન,
શરીરે દુખી તે દુ ા તે

દયા ધર્મનુ મૂળ છે, પાપ મૂ અભિમાન,
તુળસી દયા ન છાંડીયે, જ્યાં ગા ઘટમા પ્રાણ.

*

નામ રહતા ઠક્કરો, ના વ હત,
કીર્તિ કેરા કોટડા, પાડ વ પડત

*

તુલસી પખીડા પીએ ઘટે ન સારતા નીર;
ધમ કરે ધન ના ઘટે, સહા કર રઘુવીર.

તુલસી ધીરજ મન ધરો, હાથી મણભર ખાય,
ટુકડો રોટી કારણે, શ્વાન ઘરોઘર જાય

* * *

સંપત ગઈ તે સાંપડે, ગયા વળે છે વ્હાણ,
ગયો વખત આવે નહિ, ગયા ન આવે પ્રાણ

*

તુલસી હાય ગરીબની કદી ન ખાલી જાય,
મુઆં ઢોરના ચામથી લોહ ભસ્મ થઇ જાય

આવ નહિ આદર નહિ, નહિ નેનનાં નેહ,
એ ઘર કદી જઇએ નહિ, કંચન વરસે મેહ.

તરે તરણુ ને તુમડુ, તરે ગાય ને વાંણુ,
તરે ભાગ્યશાળીનુ પુણ્ય ને, ન તરે પાપીને પાંણુ

સતીઆ સત નવ છોડીએ, સત છોડે પત જાય,
સતની બાંધી લક્ષ્મી તે, ઘર ઘર ફેરા ખાય

જે નગરમા દયા ધરમ નહિ,
તે નગરમા રહેવુ શુ ?

રઘુપતિ રાઘવ રાજારામ !
પતિત પાવન સીતારામ !

ઉખાણું

પત્થર મટી થઇ પ્રેમદા, ભોજન કરતા જાય,
અડધું અંગ ફરે કુહડી, એનુ એઠુ સૌ કો ખાય ?

—ઘંટી.

પાંચ વેતની પુતળી, મુખ લોઢાનાં દંત,
નારી સંગે નીત રમે, તમે ચતુર વિચારો ચત ?

—સાબેલું

નારી ફીટી નર થયો, શરા પહેલો ઘાય,
આઠ માસ રણ ભોગવી, પાછો નાર થઇ જાય ?

—ગોફણનો ગોળો (માટીનો)

જળમા પેસી ઘર કરે, ઝાઝા જળમા નહાય,
મોઢુ વાડે નહિ મરે, ખાલી ખેંચે જીવ જાય ?

—ડાગર

વેત જેવડી વરખડી, ઢાલ જેવડાં ફૂલ
કાચા કેળા ઉતરે, પાકયા પછી મૂલ ?

—કુંભારનો ચાક.

ખાય તેનો ખુણો, પીએ તેનુ ઘર,
સુંઘે તેના લુગડાં, ત્રણે બરાબર ?

—તંબાકુ

બત્રીસ ગોલા ખાંડે, લૂલી બાઇ સંકોરે ?

—દાંત ને જીભ.

કહેવતો

આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ.

કીડીને કણ ને હાથીને મણ

ટકે શેર ભાજી ટ શેર ખાજા.

લાડી પાડીના નીવ ચે વખાણ.

પુત્રનાં લક્ષણ પા ગામાથી

અકરમીનો પડીયો કાણો

ન બોલ્યા । નવ ગુણ

એક નન્ના સો દુ ખને હણે

અ ધા આગળ અ. ગી ને બહેરા આગળ શ ખ.

ખાળે ડુચા ને બારણાં ઉઘાડાં .

જેવા ભાઈના મોસાળા તેવા બેનના ગીત

તેજીને ટકોરો ને ગધેડાને ડફણા

દીકરો ને ગ જ્યા દોરે ત્યા જાય

ગેલો જાય ત મુઆની ખબર લાવે

પારકી મા કાન વીંધે

જુવાનનુ રળ્યુ ને રાતનુ દળ્યુ .

ટીપે ટીપ સરોવર ભરાય,

કાકરે કાકરે પાળ બધાય

સ પ ત્યા જ પ

અનુક્રમણિકા.

ખંડ ૧ લો (ધો ૨ જું)

પાનું	
૧	ઇશ્વરની સ્તુતિ
૨	કૌશલ્યા અને શાપ
૩	સવારનું વર્ણન
૪	સાચના સિપાઇ
૫	સૂરજને નમસ્કાર
૬	તારો
૭	વાદળની ગાડી
૮	ખેડુત
૯	કુહાડો
૧૦	નાનુ બાળક
૧૧	બાળકુનો સરદાર
૧૨	થોડે થોડે જાણો
૧૩	નદીનુ વર્ણન
૧૩	મારો રેંટીઓ
૧૪	સૌનુ કરો કલ્યાણ
૧૬	ફુલવાડી
૧૭	ઉખાણા
૧૮	કહેવતો

ખંડ ૨ જો (ધો ૩ જું)

કવિતા નંબર		પાનું
૧	જાગને જાદવા	૧૯
૨	ઇશ્વરની સ્તુતિ	૨૦
૩	પ્રાર્થના	૨૧
૪	ગુણવતી ગુજરાત	૨૨
૫	વંદન તેને વારવાર	૨૩
૬	નાગદમન	૨૮
૭	લડાઇની તૈયારી	૨૯
૮	પરધમચી	૩૦
૯	સાચો સ્નેહ	૩૦
૧૦	પશુઓનુ પચ્ચ	૩૧
૧૧	ગ્રીષ્મ ઋતુનો મેળો	૨૪
૧૨	સત્ય	૨૬
૧૩	મુછ કે પૂછ	૨૭
૧૪	ઋતુઓનુ વર્ણન	૩૩
૧૫	ઉદ્યમ	૩૪
૧૬	પોતુ છે તો વાગે છે	૩૪
૧૭	ઉંટના અઢારે વાંકા	૩૫
૧૮	[illegible]જ મા છે મુજતણી	૩૬
૧૯	પાણી પહેલી પાળ	૩૭
૨૦	સો[illegible]તની અમર	૩૯
૨૧	ગાય મતા	૩૯
૨૨	કારી કેળવણી	૪૨
૨૩	રાધા કૃષ્ણ વિના	૪૩
૨૪	મહેમાનોને	૪૪
૨૫	ફુલવાડી	૪૫

બાલ-વાડી (ભાગ ૧ લો)

રાષ્ટ્રીય શાળાઓના બાળવર્ગ અને પહેલા
માટે કવિતાઓનો સંગ્રહ .. કિ૦ ૦-

બાલ-વાડી (ભાગ ૨ જો

બીજા અને ત્રીજા ધોરણ માટે કવિતાઓનો સંગ્ર
કિ૦ ૦-

બાલ-વાડી (ભાગ ૩ જો)

ચોથા અને પાંચમાં ધોરણ માટે કવિતાઓનો સ
કિ૦ ૦-

મહાત્મા ગાંધીજીના જીવનના કેટલાક પ્રસંગો

દરેકે વાંચવા લાયક પુસ્તક કિં૦ ૦-૪-૦

ભગોળનો અભ્યાસક્રમ અને તેની સમજુતી
કિ૦ ૦-૧-૬

બાલ-પ્રાર્થના—સુંદર સુંદર પ્રભુ પ્રાર્થનાઓનો સંગ્રહ
કિ૦ ૦-૧-૩

લોકગીતો —સંગ્રાહક સ્વ૦ ભાઇ રણજીતરામ વાવાભાઇ
કિ૦ ૦-૮-૦

મળવાનું ઠેકાણું સુરતના બુકસેલરો અને—

રાષ્ટ્રીય ગ્રંથમાળા કાર્યાલય,
લીમડાચોક, સુર

આ બાલ-વાડીનું પુસ્તક સુરત લીમડાચોકમાં આવેલા નવ
મુદ્રણાલયમાં ભાઇલાલ ઝવેરભાઇએ છાપ્યું.